# વાવોલમાં ગેરકાયદેસર પાકા દબાણોને હટાવાયા



વાવોલ ગામ સહીત સમગ્ર વિસ્તારને ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કરી લેવાયાં બાદ હવે તેની કાયાપલટ કરાઈ રહી છે. વર્ષોથી વિકાસથી વંચિત રહેલું વાવોલ હવે શહેરના નવા વિકાસનું સરનામું બનવા જઈ રહયું છે. જોકે વાવોલને વિકાસના નવા વાઘા પહેરવાય તે પહેલાં તેના જુના વાઘા ઉતારવા જરૂરી હતા કેમકે ગામતળ વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી અનેક દબાણકર્તાઓ 'ગેરકાયદેસર' રીતે પાકાં દબાણો બાંધીને તગડી કમાણી કરી રહ્યાં હતા અને ગામના વિકાસને રૂંધી રહ્યાં હતા. વાવોલ રેલવે ફાટકથી ભાગોળ થઈને વડ તરફના માર્ગ પરના ગેરકાયદેસર પાકાં દબાણોને હટાવીને વાવોલના વિકાસની નવી બ્લુપ્રીન્ટ તૈયાર થઈ રહી છે જે આગામી સમયમાં શહેરના અન્ય વિકસિત વિસ્તારોની હરોળમાં આંખથી આંખ મિલાવશે.

## ન્યુ વાવોલમાં રોડ વચાળેના જોખમી થાંભલા સાથે કાર ટકરાઈ



ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં તંત્ર જાણે 'વિકાસ'ની હોડ માંડીને જ બેઠું હોય તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે અને આ આંધળી હોડમાં ક્યારેક એવાં વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યાં છે કે જેને નિહાળીને નાગરિકો પણ આશ્ચર્યચકિત થઈ વિચારમાં પડી જાય છે કે "શું વિચારીને તંત્રએ આ કાર્ય કર્યું હશે?'. શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં શલ્વિક હોમ્સ-૨ સોસાયટી અને દિયા ગ્રીન્સ પાર્ટી પ્લોટની સામે એક રોડ બનાવયો છે જેમાં એક વીજળીનો મોટો થાંભલો રોડની વચ્ચોવચ્ચ છે જે થાંભલો અવારનવાર અકસ્માતનું કારણ બનતો જાય છે. અવારનવાર આ અંગે સ્થાનિકો દ્વારા આ બાબતે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું પરંતુ થાંભલો હટ્યો નહીં. આજે એક કાર તે થાંભલા સાથે ટકરાઈ અને તેને નુકસાન થયું. સદભાગ્યે કોઈ મોટી દુર્ઘટના નથી સર્જાઈ પરંતુ ફરી અહીં કોઈ જાનહાનિ થાય એ પેહલા આ સમસ્યાનું તાત્કાલિક ધોરણે નિકાલ લાવવાની જરૂર છે પરંતુ તે થાંભલો હટે નહીં ત્યાં સુધી તેના પર રેડિયમ સ્ટીકરો લગાડવા જોઈએ જેથી વાહનચાલકોને તેનાથી બચવા સતેજ કરી શકાય.



ચોમાસાની વરસાદી ઋતુનો પ્રારંભ થઈ ચુક્યો છે જેના કારણે શહેરના જે માર્ગો પર વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે તેમાં વરસાદને કારણે તકલીફો ઉભી થવા પામી છે. વાવોલના મહાકાળી મંદિરથી સિદ્ધનાથ મહાદેવ તરફના માર્ગે વરસાદના કારણે રોડ પર ખાડા પડી જવા પામ્યાં છે. જોકે ઉલ્લેખનીય છે કે ટૂંક સમયમાં આ માર્ગનું નવીનીકરણ હાથ ધરાવા

## ભારત રક્ષા મંચના ૧૪મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ભારત રક્ષા મંચ (બીઆરએમ)નો ગુજરાત પ્રાંતના મહેસાણા જિલ્લામાં ૧૪મો સ્થાપના દિવસ ધામધુમથી ઉજવ્યો . ગુજરાત રાજ્યમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ (એનઆરસી) ના અમલીકરણની સાથે ગેરકાયદેસર ઘુસણખોરોની ઓળખ થાય તેની માંગ કરી હતી. ભારત રક્ષા મંચનો સ્થાપના દિવસનો કાર્યક્રમ ૨૭મી જૂને આશ્રય હોટલ, મહેસાણા ખાતે ઉજવવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ BRM પદાધિકારીઓએ ભાગ લીધો હતો અને ૧૪મા સ્થાપના દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ભારત રક્ષા મંચના પ્રદેશ પ્રમુખ ઈલેવાન ઠાકર, મહેસાણાના ગણપતિ મંદિરના મહંત લાલદાસજી મહારાજ, મહેસાણા જિલ્લા પ્રમુખ તુષાર મોદી, પ્રદેશ ઉપાધ્યક્ષ ગોપાલ ઉપાધ્યાય, હિના પટેલ, સંગઠન મંત્રી મિહિર શિકારી વગેરેએ ભારત માતા, છત્રપતિ શિવાજી મહારાજ અને ડૉ. હેગડેવારજીના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. બીઆરએમના પ્રદેશ અધ્યક્ષ ઈલેવાન ઠાકરે આ પ્રસંગે જણાવ્યું હતુ કે, ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૨માં નાગપુરના રેશીમ બાગમાં આવેલા ડો. હેડગેવાર ભવન ખાતે સંઘના વરિષ્ઠ જનો અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી નીતિન ગડકરીની અધ્યક્ષ તામાં ભારત રક્ષા મંચનું ત્રણ દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન દરમિયાન પાંચ મહત્વના ઠરાવો પસાર કરવામાં આવ્યાં હતાં. પસાર કરાયેલા ઠરાવનો ઉલ્લેખ કરતાં પ્રદેશ પ્રમુખ ઈલેવાન ઠાકરે કહ્યું હતું કે, 'અમે સમગ્ર દેશમાં NRC લાગુ કરવા માંગીએ છીએ, સરકારના નિયંત્રણમાંથી ધાર્મિક સ્થળોને મુક્ત કરવા માંગીએ છીએ, ધર્મસ્થળો અંગેના કાયદામાં સુધારો કરવા માંગીએ છીએ, યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માંગીએ છીએ. વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે લઘુમતીઓને આપવામાં આવતી સુવિધાઓ ખતમ કરવાની અમારી માંગ છે અને દેશમાં વસ્તી નિયંત્રણ કાયદો લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. આ સાથે તેમણે કહ્યું કે બાંગ્લાદેશથી મોટા પાયે ઘૂસણખોરીના દાવાને ધ્યાનમાં રાખીને, NRC લાગુ કરવી સમગ્ર દેશમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેમણે કહ્યું કે વોટ બેંકની રાજનીતિ આ સમસ્યાના ઉકેલમાં અવરોધો ઉભી કરી રહી છે. ''અમે ૨૦૧૦થી આ મુદ્દા પર કામ કરી રહ્યા છીએ અને ઈચ્છીએ છીએ કે NRC ની કવાયત દેશના તમામ રાજ્યોમાં થાય. ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને દેશનિકાલ કરવા જોઈએ અને જો તેમ કરી ના શકાતુ હોય તો માનવતાના આધારે, તેઓને વર્ક પરમિટ આપી શકાય છે કારણ કે તેઓ આજીવિકાની શોધમાં અહીં આવે છે, તેમ ઈલેવાન ઠાકરે જણાવ્યુ હતું.

## માહિતી વિભાગમાં પાંચ અધિકારીઓ નિવૃત થતા વિદાય સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૩૦

માહિતી ખાતામાં ૩૯ વર્ષની લાંબી સેવાઓ બાદ ગાંધીનગર ખાતેથી સંયુકત માહિતી નિયામક શ્રી જી.એફ. પાંડોર, નાયબ માહિતી નિયામક શ્રી આઈ.એમ. ઠાકોર, સહાયક માહિતી નિયામક શ્રીમતી લીતીબેન અને શ્રી રાઠોડ આજે વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. માહિતી પરિવારના મોભી અને માર્ગદર્શક એવા માહિતી નિયામક શ્રી ધીરજભાઈ પારેખે નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, સરકારી સેવામાંથી નિવૃત્ત થવું એક ફરજનો ભાગ છે. આગળનું જીવન તેમનું પરિવાર સાથે સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું કે, ખાતામાં અનુભવી માણસો વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે શ્રી પાંડોરભાઈની સેવાઓની માહિતી પરિવારને ચોક્કસ ખોટ પડશે. તેમણે પાંડોર સાહેબની ઓછુ બોલવું અને આઉટપુટ વધારે આપવું એ સેવાઓને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે શ્રીમતી લીતીબેન અને રાઠોડભાઈની સેવાઓને બિરદાવીને પણ બંનેનું આગામી જીવન સુખમય નિરોગી રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.આ ઉપરાંત તેમણે માહિતી ખાતાની જિલ્લા કચેરીઓમાંથી નિવૃત્ત થતા ૧૯ જેટલા કર્મચારીઓને પણ શુભકામનાઓ પાઠવી હતી. માન.રાજયપાલશ્રીના પ્રેસ સચિવ અને સંયુકત માહિતી નિયામક શ્રી હિરેનભાઈ ભટ્ટે નિવૃત્ત થતા તમામ અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવીને તેમના સંસ્મરણો તાજા કર્યા હતા અને એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય રહે એવી શુભ કામનાઓ આપી હતી. નિવૃત નાયબ માહિતી નિયામક શ્રી પંકજભાઈ મોદીએ વિદાય પણ નિવૃત્ત થતા અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી. આ વેળા એ માહિતી ખાતામાંથી નિવૃત્ત થનાર સૌ કર્મીઓને તેમના નિવૃત્તિના મળવા પાત્ર તમામ લાભોના આદેશો નિવૃત્તિના દિવસે જ આપવામાં આવ્યા હતા.



ગાંધીનગરની રોટરી ક્લબ દ્વારા સંસ્થા પરિવારના સ્નેહ મિલન "છેલ્લો દિવસ" તારીખ ૨૮મી જુન બુધવારે સેક્ટર-૨૨માં રોટરી ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે યોજાયું હતું જેમાં યોજાયેલા "હાસ્ય દરબાર"માં ગાંધીનગરના જાણીતા યુવા હાસ્ય કલાકાર હરપાલ સિંહ ઝાલાએ મીઠી ગોઠડી માંડીને રોટરી પરિવારના સભ્યોને પેટપકડીને હસાવ્યાં હતા. તેમણે પોતાની વાતમાં વ્યસનમુક્તિ, રાષ્ટ્રભાવના, આત્મઘાતની ઘાત ટાળવા જેવાં ગહન વિષયોને હળવી રમૂજ શૈલીએ વ્યક્ત કર્યા હતા.

## સે.૧ના તળાવે પ્રિ-મોન્સુન કામગીરીનો સાવ અભાવ

**લેકમાં નવા નીર આવતા પાણીમાં કચરો અને ગંદકી જ ગંદકી : તંત્રની ઘોર બેદરકારી**

ગાંધીનગર, તા. ૩૦

ઉદ્યાન નગરી તરીકે ઓળખાતા પાટનગરમાં ઉદ્યાનો સહેલાણીઓ માટેના આકર્ષણનું કેન્દ્ર બની ઉભરી આવ્યા છે. પરંતુ આ ઉદ્યાનોની જાળવણી-નિભાવણી યોગ્ય રીતે થતી ન હોવાના કારણે તાજેતરમાં ગંદકીના દશ્યો સર્જાયેલા જોવા મળી રહ્યા છે. ગુજરાતના પાટનગર અને ગ્રીનસીટી ગાંધીનગરના પોશ વિસ્તાર ગણાતા સેક્ટર-૧નું તળાવ શહેરના નાગરિકો માટે ચોમાસામાં આકર્ષણનું કેન્દ્ર બનતું હોય છે. વહેલી સવારમાં યુવાનો અને સિનિયર સિટીઝનો આ તળાવ ફરતે બનાવેલા વોક-વે નો ઉપયોગ મોર્નિંગ વોક માટે કરે છે તેમજ નાના ભૂલકાંઓ રમવા આવતા હોય છે. પહેલા વરસાદના આગમથી તળાવમાં નવા નીરની આવક થવાથી તે વધુ આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે, પરંતુ નવા નીર આવ્યા પહેલાં તળાવની સફાઈનું તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપ્યુ હોય કે દરકાર કરી હોય તેવુ જણાતુ નથી. તળાવના નવા પાણીમાં ગંદો કચરો, પ્લાસ્ટિકનો કચરો, તુટેલી કચરાપેટીઓ, વોક-વે પર પડેલા ખાડામાં ભરાયેલા પાણીના ખાબોચિયા જે રોગચાળાનું



ઘર બની શકે છે તેમજ ઈલેક્ટ્રીક લાઈટના થાંભલાના ખુલ્લા વાયરો નાના બાળકો જે રમવા આવતા હોય છે તેમના માટે જીવના જોખમ સમાન લાગી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમિયાન સે. ૧નું તળાવ સાથેનુ ઉદ્યાન એ તેની આગવી ઓળખ ધરાવે છે. જ્યાં હાલમાં આ ઉદ્યાનમાં કેટલીક ખામીઓ જણાય છે. આ ઉદ્યાન અને તળાવ એ પરકોલેશનથી ભૂગર્ભમાં જળ ઉતારવા સાથે સતત ભેજ જમીનમાં રહેતો હોવાથી હરિયાળીથી છવાયેલો ગાર્ડન છે. જે સૌનો પસંદીદા બન્યો છે. આ સ્થળ જોવા માટે વાહન વ્યવહાર નથી પણ લોકો ત્યાં જાય છે.

શહેરીજનો ઉપરાંત અન્ય મુલાકાતીઓ પણ અહીંયા વધારે આવે છે. ત્યારે આ ઉદ્યાનની જાળવણીના અભાવે ઘણા સવાલો ઉઠી રહ્યા છે. તંત્ર કોઈ દુર્ઘટનાની કે રોગચાળાના આગમનની રાહ જોઈ રહ્યુ છે ?

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## આજે રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે

**દર્દીના દુઃખો દૂર કરનારા ડોક્ટર્સને સલામ! ભારત રત્ન ડો. બી.સી. રોયની જયંતી ૧ જુલાઈના દિવસે મનાવાય છે રાષ્ટ્રીય ડોક્ટર ડે**

ગાંધીનગર, તા. ૩૦

દર વર્ષે ૧ જુલાઈના રોજ આપણા દેશમાં રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે મનાવાય છે. સામાન્ય લોકો ડૉક્ટરને ઈશ્વરના દૂત ગણીને સન્માનતા હોય છે. ડૉક્ટરના સેવાકીય કાર્યોને બિરદાવવા તથા તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે. જોકે, ઘણાને પ્રશ્ન થઈ શકે કે રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે ૧ જુલાઈના દિવસે જ કેમ મનાવાય છે? ભારત રત્નથી પોંખાયેલા ડૉ. બિધાન ચંદ્ર રૉયનું દેશના મેડિકલ ક્ષેત્રમાં અવિસ્મરણીય યોગદાન બોલે છે. ડૉ. બી.સી. રૉયના જન્મદિવસને ધ્યાનમાં રાખીને ભારતમાં વર્ષ ૧૯૯૧થી દર વર્ષે ૧લી જુલાઈના રોજ રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ડૉક્ટર્સ ડે નિમિત્તે આપણે ડૉક્ટરને સન્માનવાની સાથે સાથે મહાન ડૉક્ટર અને ઉમદા રાજનેતા એવા ડૉ. બી.સી. રૉયનો પણ પરિચય કેળવીએ તો કેવું? ડૉ. બી.સી. રૉયનું જીવન અને કવન આજની પેઢીને ડૉક્ટરને પ્રેરણા અને માર્ગદર્શન આપે એવું છે. ચાલો, તેમના વિશે થોડી જાણકારી મેળવીએ. ડૉ. બી.સી. રૉય 'ગાંધીના ડૉક્ટર' તરીકે પણ જાણીતા બન્યા હતા. ગાંધીજી સાથેના તેમના એક પ્રસંગની વાત કરીએ તો યરવડા જેલમાં હરિજનકાર્ય ન કરવા દેવાના મુદ્દે ગાંધીજીએ ૧૯૩૩માં આમરણ ઉપવાસ શરૂ કરેલા. અંગ્રેજ સરકારે ગભરાઈને ગાંધીજીને જેલમુક્ત કર્યા. ગાંધીજીએ પૂનામાં જ સર વિઠ્ઠલદાસ ઠાકરશીના 'પર્ણકુટી' બંગલામાં રહેવાનો નિર્ણય કર્યો. ઉપવાસને કારણે તેમની તબિયત લથડી હતી. યુવાન ડૉક્ટર એવા બી.સી. રૉયે ગાંધીજીને દવાઓ આપી. ગાંધીજીએ પૂછ્યું, 'મારે તમારી સારવાર શા માટે લેવી જોઈએ? શું તમે મારા ચાળીસ કરોડ દેશવાસીઓને નિઃશુલ્ક સારવાર આપશો?' ત્યારે ડૉ. રૉયનો જવાબ હતો, 'ના ગાંધીજી, હું તમામ દર્દીઓની મફતમાં સારવાર ન કરી શકું. હા, હું મો.ક. ગાંધીની સારવાર નથી કરતો, પણ હું એ વ્યક્તિની સારવાર કરું છું, જે દેશના ચાળીસ કરોડ દેશબંધુઓનું પ્રતિનિધિત્વ કરે છે.' આવો વિનમ્ર અને પારદર્શક જવાબ સાંભળીને ગાંધીજી દવા-સારવાર લેવા તૈયાર થયેલા.ડૉ. બિધાન ચંદ્ર રૉય એક ઉમદા રાજનેતા પણ હતા. સેવાને પરમ ધર્મ માનનારા ડૉ.




રૉયે રાજકીય ક્ષેત્ર પણ સેવા માટે જ પસંદ કર્યું હતું. પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી બનેલા ડૉ. બી.સી. રૉય આધુનિક પશ્ચિમ બંગાળના નિર્માતા ગણાય છે. ડૉ. રૉય આઝાદી જંગના લડવૈયા, પરોપકારી ચિકિત્સક, આરોગ્ય ક્ષેત્રમાં મેડિકલ સંસ્થાઓ (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વગેરે)ના સ્થાપક હતા તેમજ કુશળ રાજકર્તા તરીકે દેશની મહામૂલી સેવા કરી હતી. આઝાદી પછી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદ કરતાં તેમને તો દર્દીઓની સેવા વહાલી હતી, પરંતુ ગાંધીજીના અનુરોધને આંખે ચડાવીને તેમણે મુખ્યમંત્રી પદ સંભાળેલું. જોકે, દિવસનો એક કલાક તેઓ ગરીબ દર્દીઓની સારવાર-સંભાળ માટે ફાળવતા હતા. એક ડૉક્ટર તરીકે તેમનું પ્રદાન વધારે ઉત્કૃષ્ટ હતું કે એક રાજનેતા તરીકેનું, એનો નિર્ણય અઘરો પડે, એવાં અનેક મહાકાર્યો ડૉ. રૉયના નામે બોલે છે. અને એટલે જ તેમને ઈ.સ. ૧૯૬૧માં દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતા.મુખ્યમંત્રી તરીકે તેમની કામગીરીને સમજવા માટે એક જ ઉદાહરણ કાફી છે. વિશ્વભરમાં ભારતીય સિનેમાની શિરમોર ગણાતી ફિલ્મ 'પાથેર પાંચાલી' માટે સત્યજિત રેને કોઈ નાણાં ધીરવા તૈયાર નહોતું. ફિલ્મ અટવાઈ પડી હતી.

આખરે સત્યજિત રેએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને અડધી-અધૂરી ફિલ્મ બતાવી અને કળાપારખું મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો કે રાજ્ય સરકાર જ આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે અને દેશ-દુનિયાને એક ઉત્તમ સિનેકૃતિ ઉપલબ્ધ થઈ હતી.ડૉ. રૉય અને શેક્સપિયર વચ્ચે એક સામ્યતા એ છે કે બન્નેના જન્મ દિવસ અને મૃત્યુ દિવસ એક જ તારીખે આવે છે. આમ, ૧ જુલાઈ, ૧૮૮૨ના રોજ બિહારના પટણા ખાતે જન્મેલા ડૉ. રૉયનું નિધન કોલકાતા ખાતે ૧ જુલાઈ, ૧૯૬૨ના રોજ થયું હતું. આજે મેડિકલ ક્ષેત્ર ખૂબ જ આગળ વધ્યું છે ત્યારે ટેક્નોલોજીની સાથે સાથે સેવાભાવ પણ ખૂબ જ આવશ્યક બન્યો છે, ડૉ. રૉય જેવા વ્યક્તિત્વ આપણી નવી પેઢીના ડૉક્ટરો માટે ચોક્કસ એક આદર્શ અને પ્રેરણાપુરુષ બની શકે એમ છે. દેશના ડૉક્ટર્સ જો ડૉ. બી.સી. રૉય જેવાને પોતાના રોલમૉડલ ગણે તો ભાગ્યે જ કોઈ દર્દી સારવારથી વંચિત રહે. જીવન અને મૃત્યુ તો ઉપરવાળાના હાથમાં છે, પણ દેશના દરેક નાગરિકને સમયસર સારવાર મળે, એ તો દેશના ડૉક્ટરની નૈતિક ફરજ છે. દર્દીના દુઃખો દૂર કરનારા ડૉક્ટર્સને સલામ!